રાજ્યની ખાનગી શાળાઓ તેમજ સરકારશ્રી દ્વારા પસંદ કરાયેલ 'સ્કૂલ ઓફ એક્સીલન્સ' સરકારી શાળાઓમાં દ્વિભાષી માધ્યમ (bilingual medium of education) શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૧/૬૨૨/ક
બ્લોક નં.૫, આઠમો માળ, સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૯/૦૭/૨૦૨૧

વંચાણે લીધા :

(૧) માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા રચિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં કરવામાં આવેલ દ્વિભાષી શિક્ષણની ભલામણ

પરિપત્ર :

માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ ના મુદ્દા નં. ૪.૧૨ અને ૪.૧૪ ની ભલામણ અનુસાર અને સુરતની ખાનગી શાળામાં કરવામાં આવેલ સફળ પાઇલોટ પ્રોજેક્ટથી પ્રેરાઇને રાજ્યની ખાનગી શાળાઓ તેમજ સરકારશ્રી દ્વારા પસંદ કરાયેલ સ્કૂલ ઓફ એક્સીલન્સ સરકારી શાળાઓમાં દ્વિભાષી માધ્યમ (bilingual medium of education) શરૂ કરવાનું સૈધ્ધાંતિક નક્કી કરેલ છે. જેના અમલીકરણ માટે સરકારશ્રી દ્વારા નિષ્ણાતો અને તજજ્ઞોથી મદદથી એક પરિચયાત્મક માર્ગદર્શિકા તૈયાર કરેલ છે. જેમાં ખાનગી શાળાઓમાં દ્વિભાષી માધ્યમ (bilingual medium of education) શરૂ કરવા અંગે નીચે મુજબના સૂચનો પરિપત્રિત કરવામાં આવે છે.

- ખાનગી શાળાઓએ સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ દ્વિભાષી માધ્યમના મોડેલનું પાલન કરવાનું રહેશે.
- તેઓએ તમામ સરકારી ઓનલાઇન તાલીમ શિબિરમાં ભાગ લેવો પડશે અથવા એમ ન થઇ શકે તો ખાનગી રીતે તેમની પોતાની તાલીમની વ્યવસ્થા કરવાની રહેશે.
- તેઓએ તેમના અંગ્રેજી શિક્ષકોને દ્વિભાષી તાલીમ આપવી પડશે અને જો જરૂરી હોય તો નવા શિક્ષકોની ભરતી કરવી પડશે. પરંતુ એક પણ શિક્ષકને છૂટા કરી શકાશે નહીં.
- શાળાના શિક્ષકો અને વાલીઓની સંમતિ મેળવી રજૂ કરવાની રહેશે.
- હાલના ગુજરાતી માધ્યમમાં ભણવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી માધ્યમના વર્ગો ચાલુ રાખવાના રહેશે.

(પાછળ જુઓ...)

- તેઓએ તેમના ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોને સરકારે જાહેર કરેલા દ્વિભાષી માધ્યમના ધારાધોરણ પ્રમાણે તાલીમ આપવી પડશે.
- તેઓએ સૂચિત દસ્તાવેજો સાથે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની પરવાનગી લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રવાના કર્યું.
તા. ૨૧/૦૭/૨૦૨૧
સહી

O/C
26/07/2021

(સુબોધ જોષી)
ઉપ સચિવ (પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૩) માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર

(૬) શાખા સિલેક્ટ ફાઇલ